
# આજે હૈદરાબાદમાં નરેન્દ્ર મોદીની રેલી




હૈદરાબાદ,તા. ૨૧

ટીડીપી અને ભાજપ વચ્ચેના મતભેદો ફરી એકવાર વધી ગયા હોવાના અહેવાલ મળ્યા છે. આ ગઠબંધન આડેની અડચણો દૂર થયાના બે દિવસ બાદ જ નવી સમસ્યા ઉભી થઈ ગઈ છે. ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સાફ શબ્દોમાં કહ્યું છે કે, ભાજપને આપવામાં આવેલી સીમાન્ધ્ર પ્રદેશની વિધાનસભાની ત્રણ બેઠકમાં રહેલા ઉમેદવારોને ટીડીપીના વડા ચંદ્રાબાબુ નાયડુ પરત ખેંચી લે અથવા તો આવતીકાલે ૨૨મી એપ્રિલના દિવસે યોજાનારી હૈદરાબાદ ખાતેની એનડીએ રેલીથી દૂર રહે. નરેન્દ્ર મોદીના આકરા વલણથી ભાજપ અને ટીડીપી વચ્ચેના સંબંધોમાં ફરી તિરાડ પડવાના સંકેત દેખાઈ રહ્યા છે. ૨૨મી એપ્રિલના દિવસે એટલે કે આવતીકાલે એનડીએની ભવ્ય રેલી યોજનાર છે. નરેન્દ્ર મોદી આવતીકાલે મંગળવારે તેલંગાણામાં જનાર છે. ભાજપના સૂત્રોએ કહ્યું છે કે, તેમના ઉમેદવારો પરત ખેંચી લેવા નાયડુને સાફ સૂચના આપવામાં આવી ચુકી છે. જો આવું નહીં થાય તો હૈદરાબાદમાં એનડીએની રેલી અલગ પ્રકારની રહેશે. ત્રણ વિધાનસભા બેઠક જેમાં કેકાલુર, પ્રકાશન જિલ્લામાં સાંતનુતાલાપડુ તથા કડપ્પા બેઠક ભાજપને આપવામાં આવી છે પરંતુ ટીડીપીએ પોતાના ઉમેદવારો શનિવારે મેદાનમાં ઉતારીને ભાજપ માટે મુશ્કેલી ઉભી કરી દીધી છે. મૂળભૂત કાર્યક્રમ મુજબ મોદી નિઝામાબાદ, કરીમનગર અને મહેબુબનગરમાં ભાજપની બેઠકમાં આવતીકાલે સંબોધનાર છે અને આવતીકાલે જ એલબી સ્ટેડિયમ ખાતે એનડીએની બેઠકમાં પણ બોલશે. ભાજપ અને ટીડીપી વચ્ચે મતભેદો યથાવત બનેલા છે. શુક્રવારના દિવસે ભાજપ સાથે નાયડુએ ખેંચતાણ ઉભી કરી હતી. ભાજપ અને ટીડીપી બંને મોદીની બેઠકોને લઈને જુદા જુદા મત ધરાવે છે. નાયડુ એવી ઈચ્છા વ્યક્ત કરી ચુક્યા છે કે, ભાજપ દ્વારા યોજવામાં આવી રહેલી બેઠકો એકલી ભાજપ પાર્ટીની હોવી જોઈએ નહીં. આ બેઠકોમાં અન્ય નેતાઓ પણ ઉપસ્થિત રહેવા જોઈએ. પરંતુ મોદીએ કારોબારીમાં એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે, મોદી અન્ય કોઈ નેતા સાથે રાખવા ઈચ્છુક નથી. દરમિયનમાં પ્રકાશન જિલ્લામાં ચિરાલા ખાતે પોતાના જન્મદિવસની ઉજવણી કરી ચુકેલા નાયડુએ કહ્યું હતું કે, ભાજપ અને ટીડીપી વચ્ચે ગઠબંધન દેશના હિતમાં છે. મોદી અને તેઓ બંને દેશના વિકાસ માટે ઉભા રહેશે. મુખ્યમંત્રી તરીકે સારા ટ્રેક રેકોર્ડ પણ રહ્યા છે. ગુજરાતમાં મોદીના નેતૃત્વ હેઠળ શાનદાર વિકાસ કામગીરી થઈ છે. નાયડુએ કહ્યું હતું કે, જો એનડીએ સરકારમાં આવશે તો દેશમાં ગુજરાત અને આંધ્ર જેવો વિકાસ થશે.

## પ્રવિણ તોગડિયાના નિવેદનથી ચૂંટણી વેળા ભારે તંગદિલી

રાજકોટ,નવીદિલ્હી, તા. ૨૧

વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ પ્રવિણ તોગડિયાએ ચૂંટણીના માહોલમાં ફરી એકવાર રાજકીય ગરમી લાવી દીધી છે. પ્રવિણ તોગડિયાના નિવેદનથી કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોમાં ભારે હોબાળો મચી ગયો છે. પ્રવિણ તોગડિયાના ઉશ્કેરણીજનક ભાષણ બાદ પગલા લેવાની માંગણી પણ કરવામાં આવી છે. પ્રવિણ તોગડિયાએ ઉશ્કેરણીજનક ભાષણમાં હિન્દુ વિસ્તારમાં પ્રોપર્ટીની ખરીદી કરવા બદલ મુસ્લિમોને ટાર્ગેટ બનાવ્યા હતા. હિન્દુ વિસ્તારોમાંથી પોતાના ઘર મુસ્લિમ લોકો ખાલી કરે તેવું નિવેદન પણ તોગડિયાએ કર્યું હતું. તોગડિયાના આ નિવેદનથી ભારે ખળભળાટ મચી ગયો છે. મોડી રાત્રે તોગડિયા, વિશ્વ હિન્દુ પરિષદના સભ્યો અને બજરંગ દળના સભ્યો મેઘાણી સર્કલ નજીક એક મુસ્લિમ બિઝનેસમેન દ્વારા આવાસની ખરીદીને લઈને દેખાવો કરવામાં આવ્યા હતા. કેસરિયા સંગઠનો દ્વારા રામધૂન અને રામ દરબારનું નિયમિત પણે આયોજન કરે છે. તોગડિયાએ વધુમાં આવાસ ઉપર સંપૂર્ણ અંકુશ મેળવી લેવા તેમના સમર્થકોને કહ્યું હતું. તેના ઉપર બજરંગ દળનું બોર્ડ લગાવી દીધું હતું. તોગડિયાએ ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું હતું કે, આવા તત્વોને રોકવા માટેના બે રસ્તા છે. એક રસ્તો ભાવનગરમાં ડિસ્ટર્બ એરિયા એક્ટને અમલી બનાવવા રાજ્ય સરકાર ઉપર દબાણ લાવવાનું છે જેમાં સંપત્તિના આંતર સમુદાય વેચાણને રોકવાની



જોગવાઈ છે. બીજો રસ્તો આવાસ ઉપર બળજબરીપૂર્વક કબજાનો છે. કાયદાકીય લડત ચલાવવામાં ઘણો સમય નિકળી જાય છે. વિશ્વ હિન્દુ પરિષદના નેતા હિન્દુ બહુમતિ વાળા વિસ્તારોમાં આવાસ ખરીદનાર મુસ્લિમોની સામે આક્રમક નિવેદન કર્યું છે અને આનાથી તંગદિલી ફેલાઈ શકે છે. જો ૪૮ કલાકમાં આવાસ ખાલી કરવામાં નહીં આવે તો તેના ઉપર બળજબરીપૂર્વક કબજો કરવામાં કહેવામાં આવ્યું છે. પ્રવિણ તોગડિયા શનિવારે રાત્રે ભાવનગરમાં એક મિત્રના ઘરે જતાં હતા. એમ કહેવામાં આવે છે કે,મોડી રાત્રે હિન્દુ પરિવારની કેટલીક મહિલાઓ તેમને મળવા આવી હતી અને તોગડિયાને કહ્યું હતું કે, તેમના વિસ્તારમાં એક મુસ્લિમ પરિવારે આવાસની ખરીદી કરી લીધી છે. આ મહિલાઓએ ફરિયાદ કરી હતી કે, મુસ્લિમ પરિવાર માંસાહારી છે. હિન્દુ સંગઠનના કાર્યકરો સતત ઘરની બહાર રામધૂન અને રામ દરબાર લગાવીને વિરોધ કરતા રહ્યા છે. મુસ્લિમ પરિવારને હવે ૪૮ કલાકની મહેતલ આપવામાં આવી છે. જો ૪૮ કલાકમાં મકાન ખાલી કરવામાં નહીં આવે તો તેમના ઓફિસ પર હુમલો કરવામાં આવશે. બીજી બાજુ આરએસએસના પ્રવક્તા રામ માધવે વિશ્વ હિન્દુ પરિષદના નેતાનો બચાવ કર્યો છે અને કહ્યું છે કે, પ્રવિણ તોગડિયાએ આવી કોઈ વાત કરી નથી. આ એક બોગસ વાત છે. પોલીસ અને તોગડિયાની વાતચીતની વિડિયોમાં તપાસ કરી રહી છે.

## ગુજરાત કરતા તમિળનાડુ મોડલ વધુ આદર્શ : રાહુલ

રામનાથપુરમ,તા. ૨૧

ગુજરાત મોડલ કરતા તમિળનાડુ મોડલને વધુ યોગ્ય ગણાવીને કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધીએ આજે નરેન્દ્ર મોદી ઉપર વળતા પ્રહાર કર્યા હતા. રાહુલે કહ્યું હતું કે, તમિળનાડુમાં કોંગ્રેસ એકલા હાથે ચૂંટણી લડી રહી છે તે વાતને લઈને ખુશી છે અને આશા છે કે, પાર્ટી રાજ્યમાં સત્તા કબજે કરી શકશે. જાહેર સભાને સંબોધતા રાહુલે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા દેશના લોકો માટે ઘણા કામ



કરવામાં આવ્યા છે. રાજ્યમાં ચૂંટણી પ્રચારનો અંત આવે તે પહેલા રામનાથપુરમ જિલ્લામાં પક્ષના ઉમેદવારની તરફેણમાં ચૂંટણી પ્રચાર કરતા રાહુલે એક આદર્શ રાજ્ય તરીકે ગુજરાતને પ્રોજેક્ટ કરવા બદલ નરેન્દ્ર મોદીની જોરદાર ઝાટકણી કાઢી હતી. રાહુલે તમિળનાડુના વિકાસની ભારે પ્રશંસા કરી હતી. તમિળનાડુએ દર્શાવ્યું છે કે, તમિળ લોકો તમામ બાબતો સક્ષમ છે. નરેન્દ્ર મોદી ગુજરાત મોડલની વાત કરે છે પરંતુ મોદીએ અહીં આવીને તમિળનાડુ મોડલને નિહાળવું જોઈએ. રાહુલે કહ્યું હતું કે, દેશને એવી સરકારની જરૂર નથી જે હિન્દુઓને મુસ્લિમો સાથે લડાવે. એવી ખાતરી કરવી જોઈએ કે, કેન્દ્રમાં બિનસાંપ્રદાયિક સરકારની રચના કરવામાં આવશે. લોકોની અંદર ઘૃણાની ભાવના ફેલાવનાર સરકારની રચના થાય તેવી સરકાર બનવી જોઈએ નહીં. સરકાર એવી હોવી જોઈએ જે હિન્દુ અને મુસ્લિમોને એક સાથે રાખી શકે. એક રાજ્યના બીજા રાજ્ય પર નીતિ નિયમો લાગુ કરે તેવી સરકારની અમને જરૂર નથી. રાહુલ ગાંધીએ સમગ્ર ભાષણ દરમિયાન કોંગ્રેસના ઉમેદવારની વાત કરી હતી. લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસને મત આપવા તેમણે અપીલ કરી હતી અને કહ્યું હતું કે, તમિળ પાર્ટી કેન્દ્રમાં સરકારની રચના કરવા જઈ રહી નથી. અમે તમિળનાડુના લોકોને એવી સરકાર આપવા માંગીએ છીએ જેવી સરકાર તેઓ ઈચ્છે છે. આ રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

રાહુલે એણ પણ કહ્યું હતું કે, પક્ષના કાર્યકરોમાં કોંગ્રેસના ધ્વજ હેઠળ ચૂંટણી લડવાનો જોરદાર ઉત્સાહ છે. હવે અમે કોઈ સમાધાનના મૂડમાં નથી. કોંગ્રેસના તમામ સ્ટાર પ્રચારકો આ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા જેમાં કેન્દ્રીય નાણાપ્રધાન ચિદમ્બરમનો સમાવેશ થાય છે. રાહુલે જાહેરાત કરી હતી કે, પાર્ટી માત્ર સંસદીય ચૂંટણી માટે જ લડશે નહીં બલ્કે તમામ ભાવિ ચૂંટણીઓમાં પણ તમિળનાડુમાં પોતાની રીતે સત્તા મેળવવા પ્રયાસ કરશે.

## કલમ ૩૭૦થી એકંદરે કોઈ લાભ થયો જ નથી : રાજનાથ

નવીદિલ્હી, તા. ૨૧

ભાજપ પ્રમુખ રાજનાથસિંહે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, કલમ ૩૭૦થી જમ્મુ કાશ્મીરના લોકોને કોઈ લાભ થયો નથી. તેમણે ઉમેર્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં ખાસ દરજ્જો આપવાની બંધારણીય જોગવાઈ અંગે ચર્ચા કરવાની જરૂર છે. એક મુલાકાતમાં સિંહે કહ્યું હતું કે, અમારુ વલણ બિલકુલ સ્પષ્ટ છે કે, કલમ ૩૭૦થી એકંદરે કોઈ લાભ થયો નથી. આનાથી ગરીબીમાં ઘટાડો થયો નથી. જેથી ફરીવાર આમા ચર્ચાની જરૂર છે. આ કલમ અંગે વધુ ધ્યાન આપવાની જરૂર છે. આગામી લોકસભાની ચૂંટણી માટે પક્ષના ચૂંટણી ઢંઢેરા અંગે વાત કરતા રાજનાથસિંહે વાત કરતા કહ્યું હતું કે કલમ ૩૭૦ અંગે ભાજપનું વલણ બિલકુલ સ્પષ્ટ છે. પાકિસ્તાન સાથે સંબંધો અંગે પૂછવામાં આવતા ભાજપ પ્રમુખે કહ્યું હતું કે, પડોશી દેશ સાથે મૈત્રીપૂર્ણ સંબંધો સ્થાપિત કરવાના પ્રયાસો કરવામાં આવશે. પાકિસ્તાન પડોશી દેશ છે. અમારા તમામ પડોશી દેશો સાથે સારા સંબંધોમાં અમને વિશ્વાસ છે પરંતુ પાકિસ્તાને પણ આવો જ અભિગમ રાખવાની જરૂર છે. પાકિસ્તાને ભારત સાથે સારા સંબંધો સ્થાપિત કરવા જોઈએ. પાકિસ્તાન તરફી નરેન્દ્ર મોદી સરકાર ખુબ જ કઠોર વલણ રાખશે તેવી દહેશત અઁગે પુછવામાં આવતા રાજનાથસિંહે કહ્યું હતું કે, પડોશી દેશો સાથે સારા સંબંધોને ભાજપ હમેશા મહત્વ આપે છે. પાકિસ્તાન સાથે પરિસ્થિતિને હાથ ધરવામાં મનમોહનસિંહ સરકાર નબળી સાબિત થઈ છે તેવા ભાજપના આક્ષેપ અંગે પૂછવામાં આવતા રાજનાથસિંહે કહ્યું હતું કે, યુપીએ સરકાર રાજદ્વારી મોરચે ફ્લોપ રહી છે. અમે પાકિસ્તાન અને તમામ દેશો તરફ મિત્રતાનો હાથ લંબાવી ચુક્યા છે.

### વિચારયાત્રા (પાના નં. ૪ નું ચાલુ)

ભૂમંડલીકરણ (ગ્લોબલાઈઝેશન)ના કારણે જીવતી રહેલી ભાષાઓમાં ચીની, અંગ્રેજી, સ્પેનિશ, જાપાની, રુસી, બાંગ્લા અને હિન્દીનો રૂતબો છે. બે બિલિયન અને ૫૦ કરોડથી વધુ લોકો આ ભાષાઓ બોલે છે. આમાં સૌથી ચલણ અંગ્રેજીનું છે. ભાષા વિજ્ઞાની આને ખતરાજનક ગણે છે. કારણ કે ચીન અને અર્જેન્ટીના એવા દેશ છે જયાં ભાષાની વિવિધતા ખતમ થઈ ગઈ છે. એટલે ત્યાં સરકારી તૌરે એક જ ભાષા છે. ભારતમાં છેલ્લાં ૭,૦૦૦ વર્ષોમાં લુપ્ત ન થઈ હોય તેનાથી વધુ ભાષા છેલ્લાં ૬૦ વર્ષમાં થઈ છે. ભારતમાં કૃષિની શરૂઆત થઈ ત્યારથી લઈને ૧૯૫૦ સુધી ભાષાઓ સચવાતી હતી પરંતુ સરકારી પદ્ધતિની ખામીને કારણે ઘણી ભાષાઓ અને જાતિઓ હાંસિયામાં ધકેલાઈ ગઈ.

પ્રો. ગણેશ દેવી અને એમના ૩૦૦ જેટલા કાર્યકરોએ એટલા જ માટે ભાષાની શોધ કરવાને બદલે લોકોની અને જાતિઓની શોધ કરી. પ્રો. દેવી કહે છે કે અમે એ સમુદાયોને મળીને એમની ભાષા અને સંસ્કૃતિને જાણવા-સમજવાનું કામ કર્યુ હતું. પ્રો. ગણેશ દેવી ભાષાઓને ઈતિહાસબદ્ધ કરવાનું કામ વર્ષોથી કરે છે. મૂળે તે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં અંગ્રેજીના અધ્યાપક હતા પરંતુ આદિવાસી ભાષા સંસ્કૃતિના પ્રેમના કારણે તેઓ વડોદરા પાસે તેજગઢમાં ભાષા રિસર્ચ એન્ડ પબ્લિકેશન સેન્ટર ચલાવે છે. આજે અહીં આદિવાસી ભાષા સંસ્કૃતિનું દસ્તાવેજીકરણ, અભ્યાસ અને પ્રકાશન ઉપરાંત નૃત્ય-સંગીત કળા અને હસ્તકળા જેવી અનેક પ્રવૃત્તિઓ થાય છે.

૨૦૧૦માં દેવીએ તેજગઢમાં માતૃભાષા દિને ભારતની ૩૨૦ ભાષાઓના પ્રતિનિધિઓનું સંમેલન બોલાવ્યું હતું. એ વખતે ત્યાં ૧૦ એકરની જમીનમાં 'ભાષાવન' શરૂ કરાયું હતું. જેમાં વિશ્વની દરેક ભાષાનું વૃક્ષ વાવવાનો સંકલ્પ છે. વડોદરાના પ્રસિદ્ધ ચિત્રકાર ગુલામ મોહમ્મદ શેખે આના પર બેહદ સુંદર ચિત્ર બનાવ્યું છે. જેનું નામ છે 'સ્પીકિંગ ટ્રી' યાની બોલતું વૃક્ષ પ્રો. દેવીએ એમના સર્વેમાં એટલે જ મૂક-બધીરોની ભાષાને પણ સમાવી હતી કારણ કે એમના મતે 'મૂંગા લોકો પણ બોલે છે, ચૂપ નથી રહેતા.'

વરિષ્ઠ કવિ કેદારનાથની પંક્તિ છે કે, 'શબ્દો ઠંડીથી મરતા નથી. એ મરે છે સાહસની ગેરહાજરીથી.' પ્રો. ગણેશ દેવીની વાત માનીએ તો એમના સઘન પ્રયાસો પછી ભીલી ભાષા સજીવન થઈ રહી છે કારણ કે દેવીએ રસ લેવાનું શરૂ કરતાં આદિવાસીઓમાં નવા આત્મવિશ્વાસ અને સાહસનો જન્મ થયો છે. શબ્દોમાં પ્રાણ ત્યારે ફૂંકાય જયારે એને બોલનારામાં સાહસ હોય'

**ભાષાની પોતાની લિપિ હોય તે જરૂરી નથી. ભાષ કરાવે તે ભાષા. વેદ બોલાયેલું જ્ઞાન છે. શ્રુતિ છે. એ લખાયેલું કે વંચાયેલું જ્ઞાન નથી. ડાર્વિને કહેલું કે ભાષાનો વિકાસ ઉત્ક્રાંતિ કે ઇવોલ્યુશનને આભારી છે.**

## ચા વેચી છે, કોંગ્રેસની જેમ દેશ વેચવામાં આવશે નહી : મોદી

હરદોઈ (યુપી),તા. ૨૧

સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો જારી રાખતા ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ ફરી કહ્યું હતું કે, આ તમામ ત્રણેય પાર્ટીઓ ગરીબોની મજાક કરી રહી છે. આ ત્રણેય પાર્ટીઓ બદલાની ભાવનાથી પણ કામ કરી રહી છે. ગરીબોને દુર્દશામાં મુકી દેવા માટે આજ પક્ષો જવાબદાર છે. નરેન્દ્ર મોદીએ ભારતીય સંસદ અને રાજકીય વ્યવસ્થામાંથી ગુનેગારી તત્વોને સંપૂર્ણપણે દૂર કરવાની લોકોને ખાતરી આપી હતી અને કહ્યું હતું કે, નવી સરકારની રચના બાદ તેમની પ્રથમ કામગીરી સાંસદો સામે પેન્ડિંગ રહેલા ગુનેગારી કેસોમાં તપાસ કરવા એક સમિતિની રચના કરવાની રહેશે. દોષિત હશે તે તમામને સજા કરવામાં આવશે. ભાજપના સભ્યોને પણ છોડવામાં આવશે નહીં. મોદીએ કહ્યું હતું કે, તેમને પછાત અને ગરીબ હોવાનું કોઈપણ દુખ નથી. ચા વેચવાનું કામ કર્યું છે પરંતુ દેશ વેચવા માટેનું ક્યારે પાપ કર્યું નથી. ચાવાળા તરીકે ગર્વ છે. પોતાના ભૂતકાળને લઈને કોઈ પણ અફસોસ નથી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીની ઝાટકણી કાઢતા મોદીએ કહ્યું હતું કે, રાહુલ પ્રવાસીની જેમ ગરીબ લોકોના ઘરમાં પહોંચે છે અને ફોટા પડાવે છે. જે રીતે પ્રવાસીઓ તાજમહલને જોવા માટે પહોંચે છે તેવી જ રીતે ગરીબોના ઘરમાં પહોંચે છે. પોતાની ચા વાળા તરીકેની ઈમેજને રજૂ કરતા મોદીએ કહ્યું હતું કે, ચાંદીની ચમચી લઈને જન્મેલા લોકોને ગરીબી શું છે તે અંગે ક્યારે અનુભવ થાય તેવું નથી. હિન્દુ પટ્ટામાં મોદીએ પોતાના ઓબીસી મતદારો તરફ મુખ્ય ધ્યાન આપ્યું હતું. ગુનેગારી તત્વોથી રાજકીય વ્યવસ્થા અને સંસદને સ્વચ્છ કરવાનું વચન આપતા મોદીએ કહ્યું હતું કે, નવી સરકારની રચના કરવામાં આવ્યા બાદ તેની પ્રથમ જવાબદારી એક સમિતિની રચના કરવાની રહેશે જે સાંસદો સામે પેન્ડિંગ રહેલા ફોજદારી કેસોમાં તપાસ કરશે. દોષિતોને છોડવામાં આવશે નહીં. તેમને જેલ ભેગા કરવામાં આવશે. ભાજપના દોષિત લોકોને પણ છોડવામાં આવશે નહીં. તેમણે ઉમેર્યું હતું કે, દેશ માતા-પુત્રની સરકારના કારણે તથા ઉત્તરપ્રદેશની અખિલેશ સરકારના કારણે બરબાદ થઈ રહ્યું છે. એક બાજુ માતા-પુત્રની સરકાર કેન્દ્રમાં અને પિતા-પુત્રની સરકાર ઉત્તરપ્રદેશમાં દેશને ભારે નુકસાન પહોંચાડ્યું છે. એક બાજુ પિતા-પુત્રની જોડી છે જ્યાર બીજી બાજુ માયાવતી છે. તેઓ એકબીજાને બોધપાઠ ભણાવવામાં પાંચ વર્ષનો સમય ગાળી ચુક્યા છે. એક બીજા ઉપર આક્ષેપબાજી કરી રહ્યા છે. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી મળીને દેશ ચલાવી રહ્યા છે. સત્તાની રમત ખુબ થઈ ચુકી છે હવે સેવા કરવાની તક આપવા મોદીએ અપીલ કરી હતી. ભાઈ-ભતીજાવાદ બદલ કોંગ્રેસ અને સપા ઉપર ટાર્ગેટ કરતા મોદીએ સોનિયા ગાંધીના જમાઈ રોબર્ટ વાઢેરાની પણ ઝાટકણી કાઢી હતી. રાહુલ ગાંધીની ગરીબ અને દલિતોના ઘરમાં જવાની વારંવારની પ્રથા અંગે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, રાહુલ ગાંધી ગરીબ વ્યક્તિ કેવો દેખાય છે અને ગરીબી શું હોય છે તે સમજવા માટે ગરીબોના ઘરમાં જાય છે. મોદીએ તેમના આક્રમક અંદાજમાં કહ્યું હતું કે, કોંગ્રેસે દેશની હાલત ખુબ જ ખરાબ કરી નાંખી છે.

આમાથી દેશને બહાર લાવવા સમય જોઈશે. માતા-પુત્ર દ્વારા આપવામાં આવેલા ઓક્સિજન ઉપર ચાલતી સરકાર લોકોને જોઈએ છે કે કેમ તેવો પ્રશ્ન મોદીએ કર્યો હતો. મોદીની આજની ભારત વિજય રેલીમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. સિંદ્ધાંતો સાથે ક્યારે પણ સમાધાન કરવાનો મોદીએ ઈન્કાર કર્યો હતો. મોદીની ઝંઝાવતી રેલીનો દોર જારી રહ્યો હતો.

## કેજરીવાલ-કુમાર વિશ્વાસ સામે એફઆઈઆર દાખલ કરાઈ

અમેઠી,તા. ૨૧

એએપીના નેતા અરવિંદ કેજરીવાલ અને કુમાર વિશ્વાસ તથા અન્ય ૧૦ લોકો સામે આજે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવા અને આચારસંહિતાનો ખુલ્લો ભંગ કરવા બદલ કેજરીવાલ, કુમાર વિશ્વાસ અને અન્યો સામે કેસ દાખલ કરવામાં આવ્યો છે. સર્કલ ઓફિસર નવીનકુમાર સિંહે માહિતી આપતા કહ્યું છે કે, ગૌરીગંજ પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કુમાર વિશ્વાસના ચૂંટણી પ્રચારમાં અભ્યાસ કર્યા બાદ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. કુમાર વિશ્વાસના પ્રચારના વિડિયોને નિહાળ્યા બાદ આ મુજબની કાર્યવાહી કરવામાં આવી છે. કેજરીવાલ અને વિશ્વાસે પહેલાથી જ પરવાનગી લીધા વગર અને ટ્રાફિકને નુકસાન પહોંચાડવા બદલ સમસ્યા ઉભી કરી હતી. આચારસંહિતાના ભંગ બદલ કેજરીવાલ અને વિશ્વાસ સામે હવે કેસ દાખલ કરવામાં આવ્યો છે.

અગાઉ ૧૮મી એપ્રિલના દિવસે ગૌરીગંજ પોલીસ સ્ટેશનની અંદર ધરણા યોજવા બદલ વિશ્વાસ અને અન્ય ૧૦૦ લોકો સામે એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી. રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, વિનોદ મિશ્રા અને અન્યો સામે એફઆઈઆર દાખલ કરવા કુમાર વિશ્વાસ અને અન્યોએ હોબાળો મચાવ્યો હતો. અમેઠીમાંથી કુમાર વિશ્વાસ ચૂંટણી મેદાનમાં ઉતરી ચુક્યા છે. કુમાર વિશ્વાસ સામે કોંગ્રેસના શક્તિશાળી નેતા રાહુલ ગાંધી ચૂંટણી મેદાનમાં છે. અમેઠીમાં પણ પ્રતિષ્ઠિત જંગ ખેલાનાર છે. કુમાર વિશ્વાસની સ્થિતિ ખુબ જ નબળી દેખાઈ રહી છે પરંતુ એએપીના નેતાઓ આશાવાદી દેખાઈ રહ્યા છે. અમેઠીમાં આ વખતે મતદારોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જો કે, અહીં રાહુલ ગાંધીની સ્થિતિ સૌથી મજબૂત દેખાઈ રહી છે.

## ૧૧૩ પ્રોજેક્ટમાં ૩.૩ લાખ કરોડનું રોકાણ છે

નવીદિલ્હી,તા. ૨૧

૧૧૩ પ્રોજેક્ટોમાં ૩.૩ લાખ કરોડનું જંગી મૂડીરોકાણ કરવામાં આવ્યું છે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોને આગળ વધારવામાં આવી રહ્યા છે. ઈન્ડસ્ટ્રીયલ માંગ અને રોજગારીની તક વધુ સજીવન બને તેવી શક્યતા દેખાઈ રહી છે. પ્રાથમિક આંકડાઓ દર્શાવે છે કે, મોટા પ્રોજેક્ટમાં ૯૦ ટકા મૂડીરોકાણને હવે લીલીઝંડી આપવામાં આવી ચુકી છે. આ મુડીરોકાણને હજુ સુધી મંજુરી મળી ન હતી પરંતુ હવે આને મંજુરી આપી દેવામાં આવી છે. કેબિનેટ સચિવાલયમાં પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રુપ દ્વારા મંજુર કરવામાં આવેલા ૧૧૩ પ્રોજેક્ટોમાં મૂલ્યાંકન કર્યા બાદ જાણવા મળ્યું છે કે, ૩.૭ લાખ કરોડના મૂડીરોકાણ સામે ૩.૩ લાખ કરોડ પહેલાથી જ રોકવામાં આવી ચુક્યા છે. પ્રોજેક્ટ મોનિટરિંગ ગ્રુપનું નેતૃત્વ કરી રહેલા અનિલ સ્વરુપે માહિતી આપતા કહ્યું છે કે, હજુ સુધી ૫.૩ લાખ કરોડના મૂડીરોકાણ સાથેના ૧૫૨ મેગાપ્રોજેક્ટોને મંજુરી આપવામાં આવી છે. છેલ્લી ઘડીની અડચણો દૂર કરવા માટે અન્ય મંત્રાલયો સાથે કામ કરવા રચવામાં આવેલા ગ્રુપને ૧૧૩ પ્રોજેક્ટો અંગેના ડેટા મળ્યા છે.

### ધરતીમૈયા દિનના અવસરે (પાના નં. ૪ નું ચાલુ)

આપણે આ દિવસે સ્થાનિક બાગ-બગીચાઓ, નદી, તળાવ કે દરિયાકાંઠા વિસ્તારોમાં ફેલાયેલો કચરો દૂર કરી સફાઈ-સ્વચ્છતાની કામગીરી હાથ ધરી શકાય છે. પ્રકાશ આપતા ચીલાચાલુ બલ્બને બદલે સીએફ-કોમ્પેક્ટ ફ્લોરોસેન્ટ બલ્બ કરતાં પણ હવે એલઈડી બલ્બ બદલી શકાય છે. વૃક્ષારોપણ સાથોસાથ ફુલછોડ-પાન વનરાજીની માવજત પણ હાથ ધરવી જોઈએ.

પર્યાવરણીય જાળવણી માટે પર્યાવરણવાદીઓ, ઉદ્યોગો તેમજ લોકો દ્વારા યોજાતા કાર્યક્રમોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સરકારી તંત્રો દ્વારા યોજાતા પર્યાવરણીય જનજાગૃતિ કાર્યક્રમો મારફતે મહત્વની માહિતીનું આદાન-પ્રદાન વધી રહ્યું છે.

રાજયમાં, લોકો હવે બીન પરંપરાગત ઊર્જા માટે સોલર અને પવન ઊર્જાના સાધનો વસાવી રહ્યા છે. કચરો ઘટાડવા નવા વિચારો અપનાવવા ચર્ચા-ચિંતન કરી રહ્યા છે. ક્લિન એન્ડ ગ્રીન ટેક્નોલોજી સાથોસાથ બાયો ટેક્નોલોજીનો ઉપયોગ આવકાર પામી રહ્યો છે.

તેમ છતાં, આ વિશેષ ક્ષેત્રોની માહિતી તેમજ માટે જનજાગૃતિનો વ્યાપ વધારવા સહિત, ઔદ્યોગિક કચરો, મ્યુનિસિપલ કચરો, પ્લાસ્ટિક કચરો, બાયો-મેડિકલ કચરો, ઈ-વેસ્ટ, વગેરેને સ્પર્શતા હિતધારકો વચ્ચે પરસ્પર સહયોગ વધારવા સમેત વેડાસર ઘણી કામગીરી વધારવા માટે હજી પુરતો અવકાશ છે.

ધરતીમૈયા દિનનું ટાણું યાદગાર બનાવીએ. એકાદ ઉમદા કાર્યને મૂર્તિમંત કરીએ. ગુજરાતને હરિત-ગુજરાત બનાવવા એક ડગલું આગળ ભરીએ. આવી જ ઈચ્છા સૌની હોય, તે સ્વાભાવિક છે.

- nareshkthakar@gmail.com

### સમાચાર ઝલક

- કોરિયા જહાજને અકસ્માતથી ૬૪નાં મોત ૨૦૦થી વધુ ઇજાગ્રસ્ત.
- તેજપાલની અરજી અંગે સુપ્રીમે ગોવા સરકારને નોટીસ આપી.
- મધ્યપ્રદેશમાં નાવ દુર્ઘટનામાં ૧૦થી વધુ મોત.
- ચીન કોલસાની ખાણમાં વિસ્ફોટથી ૧૩ મજૂરોનાં મોત.
- પાકિસ્તાનમાં બસ-ટ્રેલર અકસ્માતમાં ૪૨ લોકોનાં મૃત્યુ.
- મધ્યપ્રદેશમાં ચાલુ બસે દુષ્કર્મનો બનાવ બનતાં ૪ વ્યક્તિઓની ધરપકડ કરતી પોલીસ.
- રૂા. એક બાબતે હત્યા કરનારને ગુજરાત હાઇકોર્ટે ૧૦ વર્ષની કેદ ફટકારી.
- આશારામ બાપુને કોર્ટમાં રજૂ કરતાની સાથે જ તબિયત નાદુરસ્ત, ચક્કર આવવા લાગ્યા.
- મલેશિયન એરલાઇન્સ વધુ એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં બચી ગયું.
- વાપીમાં આંગડિયા પેઢીમાં રૂા. ૨૮ લાખની લૂંટ થઇ.
- ગુજરાત સરકાર પાસેથી કોઇ પણ જાતનો ગેરકાયદેસર લાભ લીધા નથી : ગૌતમ અદાણી
- ચૂંટણીમાં નેતાઓનાં વિવાદાસ્પદ મંતવ્યોથી ચૂંટણીમાં ગરમાવો આવ્યો.
- ભાજપની લોકસભાની ઉમેદવાર હેમામાલિનીની પ્રચાર કરતાં નરેન્દ્ર મોદીની સભા યોજાઇ.
- અમદાવાદમાં બોગસ ચૂંટણીકાર્ડ અને મોટી રકમ પોલીસે પકડી.
- ભાવનગરમાં લઘુમતી વહેપારીએ મકાન ખરીદતાં વિશ્વ હિન્દુ પરિષદનો ઉગ્ર વિરોધ.
- બગદાદમાં બોમ્બ વિસ્ફોટથી ૧૫નાં મૃત્યુ ૫૦થી વધુ ઘાયલ.